જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૮/૦૨/૨૦૨૩ શનિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૧૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૧૪૦ લીટર દેશી દારૂ, ૭૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧૨ બિયર ટીન અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૧૫ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૨૬,૪૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૧૧/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૩૧૨/૨૦૨૩

**કાગડાપીઠઃ** પારૂલબહેન મુળચંદભાઇ પરમાર (ઉ.વ.૪૧) (રહે. વિજયનગર સોસાયટી, વેદમંદીર પાસે, કાંકરીયા રોડ) એ તા.૧૭/૦૨/૨૦૨૩ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે પારૂલબહેન પરમારને પૈસાની જરૂરીયાત હોઈ લોન લેવાની હોય પડોશમાં રહેતા અને લોન એજન્ટનુ કામ કરતા મનિષાબહેન અશ્વિનભાઇ પરમારનો સંપર્ક કરતા તા.૧૨/૧૦/૨૦૨૩ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન પારૂલબહેનને વિશ્વાસમાં લઈ પારૂલબહેન પાસેથી જરૂરી દસ્તાવેજ તેમજ એ.ટી.એમ.કાર્ડ મેળવી લઇ પારૂલબહેનના નામે લોન કરાવી પારૂલબહેનના ખાતામાંથી યેનકેન પ્રકારે રૂપિયા ૪૯,૦૦૦/- મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.પટેલ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૩૧૩/૨૦૨૩**

**કૃષ્ણનગરઃ** મનોજભાઈ મીઠાલાલ સોની (રહે.શિલ્પ-૦૨ રાધેશ્યામ રેસીડેન્સી સામે નવા નરોડા) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૦૨/૨૦૨૩ સવારના ૬/૦૦ થી તા.૧૭/૦૨/૨૦૨૩ કલાક ૨/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની બારીનો સળીયો કાપી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૧,૩૮,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨,૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૮૮,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.જે.ચૌહાણ ચલાવે છે.

**મસ્જીદમાંથી ચોરીઃ-** **સમાચાર યાદી નં.૩૧૪/૨૦૨૩**

**વટવાઃ** કમાલુદીન કમરુદ્દીન શેખ (રહે.વસંત ગજેન્દ્ર ગડકરનગર ચાર માળીયા વટવા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૦૨/૨૦૨૩ રાતના ૧૧/૦૦ થી તા.૧૬/૦૨/૨૦૨૩ સવારના ૫/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન વટવા વસંત ગજેન્દ્ર ગડકરનગર ચાર માળીયા બ્લોક નં-૪૩ સામે આવેલ “મદીના મસ્જીદ” ની દિવાલ કુદી અજાણી વ્યક્તિ મસ્જીદમાં પ્રવેશ કરી દાનપેટી અને તિજોરીમાંથી કુલ રૂપિયા ૫૧,૦૦૦/- ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૩૧૫/૨૦૨૩**

**વાડજઃ** દિલીપ પ્રતાપભાઇ બોરીસા (ઉ.વ.૩૮) (રહે. ચંદ્રભાગાના કાચા છાપરાં ચંદ્રેશ્વર મહાદેવની બાજુમાં ચંદ્રભાગા હાઉસિંગ નવા વાડજ) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૨/૨૦૨૩ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે છતની લોખંડની પાઇપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જિગ્નેશભાઇ પ્રવિણભાઇ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** અનુમતિબહેન વા/ઓ દશરથભાઈ વાળંદ (ઉ.વ.૫૫) (રહે. પરિશ્રમનગર વિભાગ-૧ એસ.આર.પી.કેમ્પ પાસે કૃષ્ણનગર) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૨/૨૦૨૩ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયકુમાર મારુતિરાવ ચલાવે છે.

**નરોડાઃ** મિતુલ સ/ઓ ગીરીશભાઈ પંચાલ (ઉ.વ.૩૮) (રહે. સાહિત્ય એલેન્ઝા એસ.પી.રીંગ રોડ મુઠીયા નરોડા) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૨/૨૦૨૩ બપોરના ૨/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે રિધમ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પિયુષકુમાર નાથાલાલ ચલાવે છે.

**નિકોલઃ** દિપકભાઈ ગોવિંદભાઈ કરડાણી (ઉ.વ.૪૯) (રહે. આંગન રેસીડન્સી ગંગોત્રી સર્કલ પાસે નિકોલ) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૨/૨૦૨૩ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે સિવિલ હોસ્પિટલ લઈ જતા ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રભાઇ તખતદાન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી